# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. સી. પી. રાધાકૃષ્ણને આજે દેશના 15-મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા
2. 22 લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીના વાવેતર અને ઉત્પાદન સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર
3. દેશમાં સૌથી ઓછા માતા મૃત્યુ દરમાં ગુજરાત રાજ્ય પાંચમા ક્રમે
4. રાજ્યમાં 48 કલાક બાદ વરસાદનું જોર વધવાની આગાહી
5. જોર્ડનમાં આ રવિવારથી શરૂ થતી એશિયન હેન્ડબૉલ સ્પર્ધામાં મહેસાણાના બે ખેલાડીની પસંદગી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VP SWEARING

સી. પી. રાધાકૃષ્ણનન આજે દેશના 15-મા ઉપરાષ્ટ્રપતિ બન્યા. નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે શ્રી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લેવડાવ્યા. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથ સિંઘ, જે. પી. નડ્ડા સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા.

શપથગ્રહણ સમારોહ બાદ ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણનને રાજઘાટ પર મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે સદૈવ અટલ ખાતે પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીને પણ શ્રદ્ધાંજલિ આપી. ઉલ્લેખનીય છે કે, આ મહિનાની નવમી તારીખે ઉપરાષ્ટ્રપતિ પદ માટે થયેલી ચૂંટણીમાં સી. પી. રાધાકૃષ્ણનને 452 મત મળ્યા હતા. તેમણે વિપક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને 152 મતના અંતરથી હરાવ્યા હતા.

-------------

# MAGFALI VAVETAR IN STATE

ગુજરાત રાજ્ય સૌથી વધુ 22 લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીના વાવેતર અને દેશના અંદાજે કુલ ઉત્પાદનમાં 50 ટકા ફાળા સાથે સમગ્ર દેશમાં પહેલા ક્રમે છે. આ અંગે માહિતી આપતા કૃષિમંત્રી રાઘવજી પટેલે

મગફળીના ઉત્પાદનમાં ગુજરાત આ વર્ષે ઇતિહાસ રચશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. સાથે જ આ વર્ષે રાજ્યનું કુલ મગફળી ઉત્પાદન વિક્રમજનક 66 લાખ મૅટ્રિક ટન થવાનો અંદાજ હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું, આ વર્ષે મગફળીના સમાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ 25 ટકાનો વધારો નોંધાયો છે.

**(બાઈટઃ રાઘવજી પટેલ, કૃષિમંત્રી)**

-------------

# BANASKANTHA SURVEY

બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત તાલુકાઓમાં મોજણીનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ઘરેઘરે જઈ મોજણી કરવામાં આવી રહી છે. સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઢીચણસમા પાણીમાં ગરકાવ વિસ્તારોમાં મોજણી કરવા 100-થી વધુ ટુકડી બનાવાઈ છે. ત્યારબાદ જરૂરી વિગતના આધારે અહેવાલ તૈયાર કરાશે.

-------------

# TAKA NA BHAVE KHARIDI

રાજ્યમાં ટેકાના ભાવે ખરીફ પાકની ખરીદી માટેની નોંધણીની સમયમર્યાદા 22 સપ્ટેમ્બર સુધી લંબાવાઈ છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, નોંધણીમાં દર્શાવેલા પાક અને સરવે નંબરનું સૅટેલાઈટ તસવીર આધારિત વૅરિફિકેશન અને ડિજિટલ પાક સરવે થશે.

ખેડૂતોએ જે સરવે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય. તે જ સરવે નંબરની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવવાની રહેશે. જેતે સરવે નંબરમાં મગફળીના વાવેતરની જીઓ ટૅગ્ડ તસવીર લઇને આધાર તથા પૂરાવા તરીકે રાખવા કૃષિમંત્રીએનો ખેડૂતોને અનુરોધ કર્યો છે.

-------------

# CM BANASKANTHA VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈકાલથી બનાસકાંઠામાં ભારે વરસાદથી પ્રભાવિત સરહદી ગામોની મુલાકાતે હતા. આજે તેમણે વાવ તાલુકાના માડકા ગામ પહોંચી સ્થાનિકો સાથે સંવાદ કર્યો. દરમિયાન સ્થાનિકોએ તેમની મુશ્કેલીઓ અંગે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી અને વહીવટી તંત્ર દ્વારા આવી સ્થિતિમાં કરેલી સેવાઓ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો. સાંભળીએ પ્રતિનિધિનો અહેવાલ.

**(વૉઈસકાસ્ટ- સવજી ચૌધરી)**

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# K K Nirala- Ahmedabad All India Radio Visit

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ કે કે નિરાલાની અધ્યક્ષતામાં આજે અમદાવાદ એ.એમ. એ ખાતે પ્રેસ રેજિસ્ટાર જનરલ ઓફ ઈંડિયાના 'પ્રેસ સેવા પોર્ટલ' અંગે રાજ્યના પ્રકાશકોને માહિતગાર કરવા કાર્યશાળા યોજાઇ. રાજયભરમાંથી પ્રકાશિત થતાં અખબારો, સામયિકો વગેરેના પ્રકાશકો આ કાર્યશાળા જોડાયા હતા.

આ પ્રસંગે સંબોધન કરતાં. શ્રી કે કે નિરાલાએ સરળીકરણથી સુવિધા, સમસ્યાનું નિરાકરણ એટલે પ્રેસ સેવા પોર્ટલ તેમ જણાવ્યું હતું. શ્રી નિરાલાએ પ્રકાશકોને અનુરોધ કર્યો હતો કે તેઓ પોતાની અરજી કે પ્રશ્નો અંગે PRGI સાથે સીધો સંપર્ક કરે અને તકનિકી સહાયતા માટે ઉપલબ્ધ પ્રેઝન્ટેશન અને વીડિયો ક્લિપ્સનો ઉપયોગ કરે. તેમણે તમામ નવા તથા

હાલના પ્રકાશકોને સરકાર દ્વારા અપાતી સેવાઓનો પુરેપુરો લાભ લેવા માટે અપીલ કરી હતી.

ત્યાર બાદ શ્રી નિરાલાએ માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળના વિવિધ કાર્યાલયોની મુલાકાત લીધી. શ્રી નિરાલાએ આકાશવાણીની મુલાકાત લઈ વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી. આકાશવાણી સાથે વાત કરતાં, શ્રી નિરાલાએ આગામી સમયમાં એ.આઈ સહિતના પડકારોને પહોંચી વળવા આધુનિક માળખાકીય સુવિધા અને કુશળતા ધરાવતા માનવ સંસાધનની જરૂરિયાત પર ભાર મૂક્યો.

**(શ્રી કે. કે. નિરાલા, સંયુક્ત સચિવ, માહિતી અને પ્રસારણ મંત્રાલય)**

-------------

# MAATA MRUTYU DAR

દેશમાં સહુથી ઓછા માતા મૃત્યુ દરમાં ગુજરાત રાજ્ય પાંચમા ક્રમે રહ્યું છે. નમૂના નોંધણી પ્રણાલી - SRS મુજબ રાજ્યમાં માતા મૃત્યુદાર વર્ષ 2023 માં 51 થયો છે. જે વર્ષ 2021 માં 53 , વર્ષ 2020 માં 57 તથા 2016 માં 91 હતો.

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સગર્ભા માતાઓને ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડવાના સતત પ્રયત્નોના પરિણામે રાજ્યમાં માતા મૃત્યુદરમાં પ્રતિ વર્ષ ઘટાડો નોંધાઈ રહ્યો છે.

સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (SRS) ૨૦૨૧-૨૩ મુજબ દેશનો માતા મૃત્યુદર ૪૪ નોંધાયેલ છે, જેમાં દેશના સૌથી ઓછો મૃત્યુદર ધરાવતા તમામ મોટા રાજ્યોની સરખામણીમાં રાજ્ય પાંચમા ક્રમે રહયું છે.

-------------

# GST

કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેર કરાયેલા જીએસટીના નવા દરોને દેશભરમાં નાગરિકો દ્વારા વ્યાપક આવકાર મળી રહ્યો છે. ત્યારે ચોપડી, ગ્રાફ બુક, શાર્પનર, પેન્સિલ જેવી સ્ટેશનરી વસ્તુઓની વિધ્યાર્થી જગતમાં ઘણી રાહત મળી છે . સાંભળીએ એક અહેવાલ ,,,,

(VOICECAST- SANSKRUTI BHUNDIYA)

*(ઘરો અને વિદ્યાર્થીઓ માટે મોટી રાહતમાં સરકારે **GST** માંથી ઘણી આવશ્યક ચીજવસ્તુઓને મુક્તિ આપીને સામાન્ય માણસ પરનો બોજ હળવો કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આગામી પેઢીના **GST** સુધારા હેઠળ, નોટબુક, ગ્રાફ બુક, શાર્પનર, પેન્સિલ અને અન્ય જેવી સ્ટેશનરી વસ્તુઓને નવા માળખા હેઠળ શૂન્ય કરમાં લાવવામાં આવશે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, એક વિદ્યાર્થીએ નવા **GST** સુધારાઓ રજૂ કરવા બદલ સરકારની પ્રશંસા કરી છે. સમાચાર વિભાગથી સંસ્કૃતિ ભૂંડીયા આકાશવાણી અમદાવાદ)*

-------------

# WEATHER FORECAST

રાજ્યમાં હાલ વરસાદને વિરામ લીધો છે. તેવામાં હવામાન ખાતાએ 48 કલાક બાદ રાજ્યમાં વરસાદનું જોર વધવાની આગાહી કરી છે. જોકે, આજે અને આવતીકાલે રાજ્યમાં વરસાદની કોઈ સંભાવના નથી. જ્યારે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ અંગે હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે વધુ માહિતી આપી.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન ખાતા)**

દરમિયાન રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટવાની સાથે સાંજે છ વાગ્યા સુધીમાં માત્ર નવ તાલુકામાં સામાન્ય વરસાદના અહેવાલ છે. સૌથી વધુ દોઢ ઇંચ જેટલો વરસાદ અમરેલીના રાજુલામાં નોંધાયો છે.

-------------

# PANCHAYAT GHAR LOKARPAN-CHHOTA UDEPUR

છોટાઉદેપુર તાલુકાના સુરખેડા ગામે નવીન પંચાયત ઘરના મકાનનું લોકાર્પણ અને કાછેલ ગામે આંગણવાડી ઘરનું લોકાર્પણ થયું. 16

લાખથી વધુના ખર્ચે બનાવવામાં આવેલ આ નવીન મકાનને સાંસદ જશુભાઈ રાઠવાના હસ્તે લોકો માટે ખુલ્લુ મુકાયું.

આ કાર્યક્રમમાં પૂર્વ રેલ રાજ્યમંત્રી, તાલુકા પંચાયતના પ્રમુખ APMCના ચેરમેન વિગેરે સહિત મોટી સંખ્યામાં આગેવાનો ગ્રામજનો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

-------------

# HANDBALL TEAM MEHSANA

મહેસાણાના બે વિદ્યાર્થીની ભારતીય હેન્ડબોલ ટીમમાં પસંદગી થઈ છે. કડીની PMG ઠાકર આદર્શ શાળાના પસંદગી પામેલા વિદ્યાર્થી જેમિન વિહોલ અને ચિરાગ પ્રજાપતિ આગામી પ્રથમ એશિયન હેન્ડબોલ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જોર્ડનમાં આ રવિવારથી શરૂ થતી સ્પર્ધામાં આ બંને ખેલાડી ભાગ લેશે. તેમની પસદંગી થવા બદલ શાળાના વિદ્યાર્થીઓ, સંચાલકો સહિતના તમામ લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

-------------